પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com


# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૩૦, કુલ પાના:૪, તારીખ: ૨૫-૦૧-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 130 PRICE :-RS. 1.50 DATE : 25-01-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### પુતિનના વિરોધી એલેક્સી નવેલનીની ધરપકડ બાદ ભડકી ઉઠી જનતા

## -૫૦ ડિગ્રીમાં રૂસ રાષ્ટ્રપતિના વિરુદ્ધમાં હજારો લોકો રસ્તા પર, ૩૦૦૦ની ધરપકડ

મોસ્કો,
રશિયામાં પુતિન સરકાર વિરુદ્ધ વ્યાપક વિરોધ પ્રદર્શન થઈ રહ્યાં છે. જેમાં લાખો લોકોએ ભાગ લીધો છે. વિપક્ષ નેતા એલેક્સી નવેલનીની ધરપકડના વિરોધમાં રશિયામાં ૧૦૦ શહેરોના લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. પોલીસે પણ પ્રદર્શનકારીઓ પર સખ્ત કાર્યવાહી કરતાં ૩૦૦૦થી વધુ લોકોની ધરપકડ કરી છે. નવેલની પત્ની યુલિયાની પણ પ્રદર્શન દરમિયાન અટકાયત કરવામાં આવી છે. મીડિયા રિપોર્ટ મુજબ, મૉસ્કોમાં પોલીસ



પ્રદર્શનકારીઓ પર બળપ્રયોગ કરતી જોવા મળી રહી છે. ૧૭ જાન્યુઆરીએ વિપક્ષ નેતા એલેક્સી નવેલની ધરપકડ કરવામાં આવી હતી. નવેલની પુતિનના કટ્ટર આલોચલ તરીકે ઓળખાય છે. ઓગસ્ટ-

### રશિયાના લગભગ ૬૦ શહેરોમાં એલેક્સી નવેલનીના સમર્થનમાં વિરોધ પ્રદર્શન

૨૦૨૦માં રશિયામાં નવેલનીને ઝેર આપવામાં આવ્યું હતુ. જે બાદ તેઓ જર્મની આવી ગયા હતા. બર્લિનથી મૉસ્કો પહોંચવા સાથે જ તેમની અટકાયત કરવામાં આવી. નવેલની પેરોલની શરતોનો ભંગ કરવા મામલે દોષી ઠેરવવામાં આવ્યા છે. જો કે નવેલનીનું કહેવું છે કે, તેમને ચૂપ કરાવવા માટે કાવતરુ ઘડવામાં આવ્યું છે. જે સમયે હજારો સ્મર્થક વિરોધ કરી રહ્યા હતા, ત્યારે ત્યાંનું તાપમાન -૫૦ ડિગ્રીની આસપાસ હતું. આટલી ઠંડી છતાં પ્રદર્શનકારી ત્યાં અડગ રહ્યા અને જ્યારે પોલીસ ત્યાં પહોંચી તો લોકોએ બરફના ગોળા વડે પથ્થરમારો શરૂ કરી દીધો. આ દરમિયાન પોલીસે હજારો પ્રદર્શનકારીઓની ધરપકડ કરી લીધી. પોલીસે નવલનીના પ્રવક્તા અને વકીલની પણ ધરપકડ કરી લેવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે રશિયાના ઓછામાં ઓછા ૬૦ શહેરોમાં એલેક્સી નવેલનીના સમર્થનમાં વિરોધ પ્રદર્શન થઇ રહ્યા છે. તમને જણાવી દઇએ કે જહર ખુરાની બાદ મોતની જંગ જીતીને વતન પરત ફરેલા નવલનીને મોસ્કો એરપોર્ટ પર ધરપકડ કરી લેવામાં આવી હતી. ઘણા રિપોર્ટ્સ દાવો કરવામાં આવ્યો છે કે રશિયાના ઘણા વિસ્તારોમાંથી આ પ્રકારના પ્રદર્શનના સમાચાર આવ્યા છે. વિપક્ષી

#### અમેરિકા અને ફ્રાન્સે સરકારની કરી ટીકા

નોંધનીય છે કે મહિનાઓ પહેલા નવલનીને ઝેર આપવામાં આવ્યું હતું જે બાદ તે જર્મનીમાં સારવાર લઈ રહ્યા હતા અને હાલ જ સ્વદેશ પાછા આવ્યા હતા. રશિયામાં થઈ રહેલા પ્રદર્શનના કારણે ઘણા બધા દેશોએ પુટીનની ટીકા પણ કરી છે. અમેરિકા અને ફ્રાંસ સહિતના કેટલાક દેશોએ સરકારની નિંદા કરીને નવેલનીની છોડવાની માંગ કરી છે. નોંધનીય છે કે ગયા વર્ષે જ પુટીનની મુશ્કેલીઓ વધી ગઈ હતી કારણ કે નવેલનીને ઝેર આપવાના આરોપ તેમના પર લાગ્યા હતા.

રશિયાના કેટલાક વિસ્તારોમાં મોબાઈલ નેટવર્કને પણ જામ કરી દેવામાં આવ્યું છે, જોકે તેની સત્તાવાર પુષ્ટિ થઇ નથી. નેતા એલેક્સી નવેલનીને પોલીસે રવિવારે મોસ્કો એરપોર્ટ પર ઉતરતાં જ કસ્ટડીમાં લીધા હતા.

## મોદીજીએ ગેસ-ડીઝલ-પેટ્રોલના ભાવોમાં જોરદાર વિકાસ કરી બતાવ્યો: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,
કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ મોદી સરકારને મોંઘવારી મુદ્દે ઘેરી છે. તેમણે ટ્વીટર દ્વારા મોદી સરકાર પર નિશાન સાધ્યુ છે. રસોઈ ગેસ અને ડીઝલ-પેટ્રોલના વધતા ભાવોને લઈને તેમણે ટ્વીટ કરી છે અને પીએમ મોદી ના નેતૃત્વ વાળી એનડીએ સરકાર પર નિશાન સાધ્યુ છે. રાહુલ ગાંધીએ ટ્વીટર પર લખ્યુ છે મોદીજીએ જીડીપી એટલે કે ગેસ-ડીઝલ-પેટ્રોલના ભાવોમાં જોરદાર વિકાસ કરી બતાવ્યો છે. જનતા મોંઘવારીથી ત્રસ્ત, મોદી સરકાર ટેક્સ વસૂલીમાં મસ્ત, રાહુલ ગાંધીએ ટ્વીટર પર એક અખબારનો સ્ક્રીનશૉટ પણ શેર કર્યો છે જેમાં તેલ અને ગેસની વધતી કિંમતોની તુલના કરવામાં આવી છે. સ્ક્રીનશૉટમાં જણાવવામાં આવ્યુ છે કે ૧ જુલાઈ, ૨૦૨૦એ જયપુરમાં રસોઈ ગેસના પ્રતિ સિલિન્ડર કિંમત ૫૯૪.૫ રૂપિયા હતી જ્યારે સાત જાન્યુઆરી ૨૦૨૧એ આ રકમ ૬૯૮ રૂપિયા થઈ ગઈ. જયપુરમાં ૧




જુલાઈ ૨૦૨૦એ ડીઝલના ભાવ ૮૧.૩૨ રૂપિયા લિટર હતુ જ્યારે હવે જાન્યુઆરી ૨૦૨૧માં આ ૮૩.૬૪ રૂપિયા થઈ ગયો છે.

પેટ્રોલના ભાવોને લઈને લખ્યુ છે કે વર્ષ ૧ જુલાઈ ૨૦૨૦એ પેટ્રોલની કિંમત ૮૭.૫૭ રૂપિયા હતી જે સાત જાન્યુઆરી ૨૦૨૧એ ૯૧.૬૩ રૂપિયા થઈ ગઈ. તમિલનાડુમાં થનારી વિધાનસભા ચૂંટણીને લઈને રાહુલ ગાંધી અહીં ચૂંટણી પ્રચાર માટે પહોંચ્યા છે. તેમણે શનિવારે તમિલનાડુ પહોંચતા જ મોદી સરકાર પર નિશાન સાધ્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે મોદી સરકાર વિરૂદ્ધ મળીને લડીશુ. આ સિવાય તેમણે એમએસએમઈના લોકોની સાથે બેઠક દરમિયાન કહ્યુ હતુ કે યુપીએની સરકાર આવવા પર હાજર જીએસટી નિયમોમાં પરિવર્તન કરવામાં આવશે. યુપીએ આ માટે પ્રતિબદ્ધ છે.

### વિચિત્ર ફરમાન પૂર્વાંચલના ગાઝીપુર પોલીસે જાહેર કર્યુ

## પેટ્રોલ પંપવાળાઓએ ટ્રેક્ટરમાં તેલ આપવાની રોક લગાવી દીધી



ન્યુ દિલ્હી,
ગણતંત્ર દિવસે દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલી યોજાવાની છે, જેને લઈને અત્યારથી જ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. જો કે, પેટ્રોલ પંપવાળાઓએ ટ્રેક્ટરમાં તેલ આપવાની રોક લગાવી દીધી છે. આ પ્રકારનું વિચિત્ર ફરમાન પૂર્વાંચલના ગાઝીપુર પોલીસે જાહેર કર્યુ છે. પોલીસ સ્ટેશનના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તેમના વિસ્તારમાં આવતા પેટ્રોલ પંપના સંચાલકોને કલમ ૧૪૪ સીઆરપીસી અંતર્ગત નોટિસ જાહેર કરી કહેવામાં આવ્યુ છે કે, ૨૬ જાન્યુઆરીના રોજ ખેડૂતો દ્વારા અલગ અલગ જગ્યાઓ પર ટ્રેક્ટર માર્ચ તથા અન્ય કાર્યક્રમો કરવાના પ્લાનને જોતા ટ્રેક્ટર માર્ચ પર પ્રતિબંધ લગાવી દીધો છે.

આ કાર્યક્રમ અંતર્ગત એવું સૂચિત કરવામાં આવ્યુ છે કે, ૨૬ જાન્યુઆરી સુધી કોઈ પણ ટ્રેક્ટર અથવા કોઈ પણ ડ્રમ, કેનમાં તેલ આપવામાં આવશે નહીં. જેથી શાંતિ વ્યવસ્થા બની રહે. આ આદેશનું ઉલ્લંઘન કરનારા પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સૈદપુર પોલીસ સ્ટેશનના હેડ તરફથી શનિવારના રોજ આ પ્રકારની નોટિસ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. જેને પેટ્રોલ પંપ પર ચિપકાવી દેવામાં આવી છે. ત્યારે હવે આ બાબતને લઈને ખેડૂતોમાં પણ રોષ જોવા મળ્યો છે. બીજા બાજૂ જિલ્લા પોલીસ વડાનું પણ આ અંગે મોઢુ સિવાય ગયું છે.

## મોરબીમાં ૭ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ બાદ પથ્થરથી હત્યા

મોરબી
ગુજરાતમાં સ્ત્રીઓ સલામત હોવાના દાવા વચ્ચે મોરબીમાં એક હેવાને પડોશમાં રહેતી ૭ વર્ષની માસુમને પીંખી નાંખી અને બાદમાં પોતાનું પાપ છુપાવવા પથ્થર મારીને માસુમને મોતને ઘાટ ઉતારી દીધી હોવાનો સનસનીખેજ બનાવ સામે આવ્યો છે. ૨૭ વર્ષના હેવાને આ કૃત્ય કરીને સ્ત્રીઓની સલામતી પર એક પ્રશ્ન ઉભો કર્યો છે. મોરબીના સરતાનપર રોડ પર આવેલ મોટો સિરામિક કારખાનાથી થોડે જ દુર આવેલ પાંજરાપોળની વિરાન જગ્યામાં જમીનમાં દાટેલી હાલતમાં એક સાત વર્ષની બાળકીનો મૃતદેહ મળી આવતા કાગારોળ મચી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં બાળકી સાથે દુષ્કર્મ કરીને હત્યા કરી નાખવામાં આવી હોવાની માહિતી મળી હતી. તપાસમાં આ મૃતક બાળકી લાશ મળ્યાના ચાર દિવસ પહેલાથી ગુમ થયેલી કારખાનાના શ્રમિકની પુત્રી હોવાનું બહાર આવ્યું હતું,

જેની ગંભીરતાથી તપાસ કરતા કારખાનામાં કામ કરતો મૂળ ઝારખંડનો દુર્ગાચરણ ઉર્ફે ટારઝન સેવૈયા શંકાસ્પદ વ્યક્તિ જણાયો અને પોલીસની આકરી પુછપરછમાં તેણે જ મૃતક બાળકી ઉપર દુષ્કર્મ આચરી હત્યા કર્યાની કબુલાત કરી હતી. મોટો સિરામિકમાં સાત વર્ષથી આરોપી દુર્ગાચરણ નોકરી કરતો હતો. હવસખોર માનસવાળા આ વ્યક્તિએ પડોશમાં જ રહેતી માસુમ પર નજર બગાડી હતી અને માત્ર ૭ વર્ષની દીકરી જેવડી ઉંમરની બાળકીને ચોકલેટની લાલચ આપીને કારખાનાની બહાર લઇ ગયો અને બાદમાં તેની ઉપર દુષ્કર્મ આચર્યું હતું. એટલાથી પણ આ પાપીને સંતોષ ના થયો અને તેણે પથ્થરથી બાળકીની હત્યા કરી નાખી હતી.

પોતાની હવસ સંતોષીને બાળકીની હત્યા કર્યા બાદ તેણે શાંત મને બાળકીની લાશને કારખાનાથી લગભગ ૨૦૦ મીટર દુર આવેલ પાંજરાપોળની વેરાન જગ્યામાં ખાડો ખોદી બાળકીની લાશ દાટીને ઉપર પ્લાસ્ટિક બેગ મૂકીને લાશ ઢાંકી દીધી હતી. ત્યારાબાદ કારખાનામાં આવીને કાંઈ બન્યું જ ના હોય એમ રોજિંદુ જીવન જીવવા લાગ્યો. લાશ મળ્યા બાદ કારખાનામાં પોલીસની હાજરી જોઈને પણ એ વિચલિત ના થયો અંતે ઝડપાયા બાદ આકરી પુછતાછમાં તૂટી ગયો અને પોતાના પાપની કબુલાત આપી.

## ખેડૂતોના સમર્થનમાં ઉતર્યા અન્ના હજારે, ૩૦ માર્ચથી શરુ કરશે આમરણ અનશન



મુંબઈ
ખેડૂતોના સમર્થનમાં અને કૃષિ કાયદાના વિરોધમાં સમાજસેવી અન્ના હજારે અનશન કરશે. ૩૦ જાન્યુઆરીએ અન્ના હજારે અનશન કરવાનું એલાન કર્યુ છે. અનશન માટે અન્ના હજારે ન તો ખેડૂતો સાથે સિંધૂ બોર્ડર પર હશે અને ન તો દિલ્લી. મુંબઈ અથવા કોઈપણ મોટા શહેરોને તેણે આ બાબતે પોતાનું ઠેકાણુ બનાવ્યું છે. પરંતુ પોતાના ગામ રાલેગણ સિદ્ધિમાં જ તેઓ અનશન પર બેસશે. મહારાષ્ટ્રના અહમદનગર જીલ્લામાં તેના ગામે રાલેગણ સિદ્ધિ ઘણી બાબતોમાં ખાસ છે. આ જ ગામે અન્ના હજારે આમરણ અનશન પર બેસશે.

અન્ના હજારે દિલ્લીના રામલીલા મેદાનમાં અનશન કરવા ઈચ્છતા હતા પરંતુ તેને માંગેલી અનુમતિના જવાબમાં કંઈ પણ કહેવામાં આવ્યું નથી. અન્ના હજારે જનલોકપાલ આંદોલન વખતે તેના પ્રમુખ ચેહરો હતા. ભ્રષ્ટાચાર વિરુધ્ધ અને સારા પ્રશાસન માટે અનશન કરતા રહ્યા છે. મહારાષ્ટ્રમાં અન્ના ઘણીવાર આંદોલન કરી ચૂકયા છે. પરંતુ જમલોકપાલ આંદોલને અન્નાને ઘર-ઘરમાં ઓળખ અપાવી હતી.

આ આંદોલન વર્ષ ૨૦૧૧માં કરવામાં આવ્યુ હતું. ખેડૂતો સાથે અન્ના હજારેનુ સમર્થન અને આમરણ અનશન સરકાર માટે નવી મુશીબતો ઉભી કરી શકે છે. ખેડૂતો સાથે વાતચીતમાં સરકાર કોઈ રસ્તો નથી કાઢી શકયા. સરકારે કૃષિ કાયદાને દોઢ વર્ષ સુધી રોકવાનો પ્રસ્તાવ કર્યો હતો. પરંતુ ખેડૂત સંગઠનોએ સરકારના આ પ્રસ્તાવને માનવાથી મનાઈ કરી હતી. હવે ખેડૂતો ૨૬ જાન્યુઆરીએ ટ્રેક્ટર માર્ચ માટે અડગ રહ્યા છે.

## ટીકટોક સહિત ચાઈનીઝ એપ પર પ્રતિબંધ યથાવત, આપી નોટીસ

ન્યુ દિલ્હી,
શોર્ટ વીડિયોઝ શેરિંગ એપ ટિકટોક સહિત અન્ય અનેક ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. ભારત સરકારે આ દરેક એપ્સને નોટિસ મોકલી છે. આ કેસની નજીકના એક સ્ત્રોતે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયે પ્રતિબંધિત એપની સમીક્ષા કર્યા બાદ નોટીસ પાઠવવામાં આવી છે.

ટિકટોકના સંપર્કથી સરકારની તરફથી નોટિસ મળ્યાની પુષ્ટિ થઈ છે. તેઓએ કહ્યું છે કે અમે નોટિસનું મૂલ્યાંકન કરી રહ્યા છીએ અને તેનો જવાબ આપીશું. ભારત સરકાર દ્વારા ૨૯ જૂને જાહેર કરાયેલા નિર્દેશમાં ટિકટોકનું પણ નામ હતું. અમે સતત સ્થાનીય કાયદા અને નિયમોનું પાલન કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ અને સરકારની કોઈ પણ ચિંતાનું સમાધાન કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ પણ કરીશું. અમારા દરેક યૂઝર્સની ગોપનીયતા અને સુરક્ષા નક્કી કરવાનું અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

ગયા વર્ષે જૂનમાં ટિકટોક સહિતની અન્ય ૫૯ ચાઈનીઝ એપ્સ પર બૅન લગાવાયો અને પછી તેને બંધ કરી દેવાઈ. તેમાં યૂસી બ્રાઉઝરના એપ્સ પણ સામેલ હતા. સરકારે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટના સેક્શન ૬૯-




એના આધારે ૫૯ ચાઈનીઝ એપ્સ પર બૅન લગાવ્યો છે. કેન્દ્ર સરકારની તરફથી આ નિર્ણયો પર કહેવાયું છે કે અમારી પાસે ઉપલબ્ધ જાણકારીના આધારે આ એપ્સમાં એવી ગતિવિધિઓ છે જે ભારતની રક્ષા, સુરક્ષા, સંપ્રભુતા અને અખંડતતા માટે હાનિકારક છે. આ પછી સરકારે અન્ય ૧૧૮ એપ્સ પર પણ સપ્ટેમ્બર મહિનામાં રોક લગાવી હતી.

## દેશમાં પેટ્રોલનો ભાવ ઐતિહાસિક સપાટીએ: મુંબઈમાં પેટ્રોલનો ભાવ રૂ. ૧૦૦ નજીક

મુંબઈ,
બે દિવસની તેજી બાદ આજે પેટ્રોલ ડીઝલના ભાવમાં સામાન્ય જનતાને થોડી રાહત મળી છે. દેશની સરકારી કંપનીઓએ પેટ્રોલ ડીઝલના રેટ્સમાં કોઈ વધારો કર્યો નથી. છેલ્લા કેટલાય દિવસોથી દેશમાં કૂદકેને ભૂસકે પેટ્રોલ ડીઝલના ભાવ વધી રહ્યાં છે. ત્યારે રાજસ્થાનમાં પેટ્રોલની કિંમત રૂપિયા ૧૦૦ નજીક પહોંચી છે. રાજસ્થાનના ગંગાનગરમાં શનિવારે પેટ્રોલની કિંમત રૂપિયા ૯૭.૫૦ પ્રતિ લિટર રહી હતી. જે દેશમાં સૌથી વધુ છે. મધ્યપ્રદેશના ભોપાલમાં પેટ્રોલની કિંમત રૂપિયા ૯૩.૫૬ અને મુંબઈમાં ૯૨.૨૮ પ્રતિ લિટર રહી હતી. જ્યારે આજે રવિવારે મુંબઈમાં આજે ભાવમાં કોઇ વધારો ન થતા પેટ્રોલનાં ભાવ ૯૨.૨૮ રૂપિયા પ્રતિ લીટર છે.

દિલ્હી- પેટ્રોલ ૮૫.૭૦ રૂપિયા અને ડીઝલ ૭૫.૮૮ રૂપિયા પ્રતિ લીટર છે.

મુંબઈ- પેટ્રોલ ૯૨.૨૮ રૂપિયા અને ડીઝલ ૮૨.૬૬ રૂપિયા પ્રતિ લીટર છે.

કોલકાતા- પેટ્રોલ ૮૭.૧૧ રૂપિયા અને ડીઝલ ૭૯.૪૮ રૂપિયા પ્રતિ લીટર છે.ચેન્નઈ- પેટ્રોલ ૮૮.૨૯ રૂપિયા અને ડીઝલ ૮૧.૧૪ રૂપિયા પ્રતિ લીટર છે.

પેટ્રોલ-ડીઝલના ભાવ રોજેરોજ બદલાતા રહે છે અને સવારે ૬ વાગ્યે અપડેટ થઈ જાય છે. પેટ્રોલ-ડીઝલના રોજના ભાવ એસએમએસ કરીને પણ જાણી શકાય છે. ઈન્ડિયન ઓઈલના ગ્રાહક આરએસપી સાથે શહેરનો કોડ લખીને ૯૨૨૪૯૯૨૨૪૯ નંબર પર અને બીપીસીએલ ગ્રાહક આરએસપી લખીને ૯૨૨૩૧૧૨૨૨૨ નંબર પર મોકલીને જાણકારી મેળવી શકે છે. એચપીસીએલ ગ્રાહક એચપીપ્રાઈસ લખીને ૯૨૨૨૨૦૧૧૨૨ નંબર પર મોકલીને ભાવ જાણી શકે છે.

# સંતરામપુરમાં વર્ષો પછી ગાઢ ધુમ્મસ



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર નગરમાં એસ.ટી.ડેપોમાં ચારે બાજુ વર્ષો પછી આવું ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું. સંતરામપુર નગરમાં વહેલી સવારે એસટી ડેપોને નગરના દરેક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ જોવાતા નગરની ચારેબાજુ અંતરપટ જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. નગરજનો આ દ્રશ્ય જોવા નિહાળવા માટે ઘરમાંથી બહાર નીકળી ગયા હતા.

# મહીસાગર જિલ્લામાં આજે રાહતના સમાચાર

## આજે જિલ્લામાં એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૪-૦૧-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૯૯૦ કેસ પોઝીટીવ નોધાયા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૩૫ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૧૮૫૧૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૧૦ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૩ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૦૫ દર્દી હોમ આઈસોલેશન અને ૦૩ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે.કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૦૯ દર્દીઓ સ્ટેબલ અને ૦૨ દર્દીઓ ઓક્સિજન પર છે.

# સંતરામપુર જિલ્લાના સંતરામપુર સ્ટેટ હોસ્પિટલ ખાતે આરોગ્ય તબીબોને કોરોના વાયરસની રસી અપાઈ




તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે આવેલ સ્ટેટ હોસ્પિટલના તાત્કાલિક સારવાર વિભાગમાં સંતરામપુર તાલુકાના સરકારી અને ખાનગી તબીબોને ત્રીજા તબક્કાની કોરોના વેકેશન ની રસી આપવામાં આવી હતી. આ વ્યકિતઓની સાથે-સાથે આંગણવાડી બહેનો, તેડાગર બહેનો અને આશા વર્કર બહેનોને પણ કોરોના વેકેસીનની રસી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત સરકારી અને ખાનગી ડોકટરોએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, કોરોના વાઈરસની રસી જેનાથી કોઈ આડઅસર થતી નથી અને સરકારે જે કાર્યક્રમ રાખ્યો છે એ પ્રજાના આરોગ્ય હેતુથી રાખ્યો છે. જેને લઈને બજારમાં ફરતી અફવાઓને નજર અંદાજ કરીએ અને પોતાનો વારો આવે એ પ્રમાણે રસીનો ટીકો મુકાવીએ. પ્રસંગને લઈને તબીબો અને સ્ટાફના માણસોએ પણ સંતરામપુર તાલુકાની અને નગરની પ્રજાને મોટીવેટ કરવાનું કામ કર્યું હતું અંદાજે ૪૦ જેટલા વ્યકિતઓને આ કાર્યક્રમમાં રસી આપવામાં આવી છે. જે ખુબ જ સરાહનીય કામગીરી કહેવાય.

# મહીસાગર જિલ્લા/તાલુકા પંચાયતની ચૂંટણી તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ યોજાશે

લુણાવાડા, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકા અને જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ યોજવા અંગેની જાહેરાત તા. ૨૩મીના રોજ કરવામાં આવી છે.તદ્દઅનુસાર મહીસાગર જિલ્લાની જિલ્લા અને તમામ છ(૬) તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીની જાહેરાત કરેલ છે. જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવાની તા. ૮-૨-૨૦૨૧, ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૧૩-૨-૨૦૨૧, ઉમેદવારી પત્રોની ચકાસણી માટેની તા. ૧૫-૨-૨૦૨૧, ઉમેદવારી પાછી ખેંચી લેવા માટેની તારીખ ૧૬-૨-૨૦૨૧, મતદાનની તારીખ ૨૮-૨-૨૦૨૧ જયારે મતગણતરીની તા. ૦૨-૦૩-૨૦૨૧ના રોજ જાહેર કરવામાં આવતા જિલ્લા/ તાલુકા પંચાયતોના ચૂંટણી હેઠળના વિસ્તારમાં તા. ૨૩-૨-૨૦૨૧ના રોજ ચૂંટણીની જાહેરાત થતાં જ ચૂંટણીની આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે જેને તમામ સંબંધિતોને નોંધ લેવા મહીસાગર-લુણાવાડાના રાજય ચૂટણી આયોગના નોડલ અધિકારી અને નિવાસી અધિક કલેક્ટરએ એકયાદી દ્વારા જણાવ્યું છે.

**જિલ્લા/તાલુકા પંચાયતની ચૂંટણી અંગેનું જાહેરનામું તા.૮મીના રોજ પ્રસિધ્ધ કરવામાં આવશે. જિલ્લા/તાલુકા પંચાયતોના ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણીની આદર્શ આચારસંહિતા લાગુ.**

# જિલ્લા/તાલુકા પંચાયતની યોજાનાર સામાન્ય ચૂંટણી આદર્શ આચારસંહિતાના ચૂસ્ત અમલ માટે નોડલ અધિકારીઓની નિમણૂંક કરાઇ

લુણાવાડા, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકા અને જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ યોજવા અંગેની જાહેરાત તા. ૨૩મીના રોજ કરવામાં આવી છે.

મહીસાગર જિલ્લામાં યોજાનાર જિલ્લા/તાલુકા પંચાયતની આગામી ચૂંટણી નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં યોજાય અને રાજય ચૂંટણી આયોગની આચારસંહિતાનો ચૂસ્તપણે અમલ થાય અને તેની તકેદારી રાખવા મહીસાગર જિલ્લામાં આચારસંહિતાના નોડલ અધિકારી તરીકેની મહીસાગર-લુણાવાડાના રાજય ચૂંટણી આયોગના નોડલ અધિકારી અને નિવાસી અધિક કલેક્ટર દ્વારા નિમણૂંક કરવામાં આવી છે.

તદ્અનુસાર જિલ્લાના નોડલ અધિકારી તરીકે મહીસાગર-લુણાવાડાના માર્ગ અને મકાન (સ્ટેટ)ના કાર્યપાલક ઈજનેર એસ.કે. પટેલની નિમણૂંક કરવામાં આવી છે.

જયારે તાલુકાના નોડલ અધિકારી તરીકે લુણાવાડા તાલુકા માટે માર્ગ અને મકાન પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર જે. બી. પટેલની, ખાનપુર તાલુકા માટે લુણાવાડા માર્ગ અને મકાન (પંચાયત) પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર વી. બી. પટેલની, સંતરામપુર તાલુકા માટે સંતરામપુર નાની સિંચાઈના કાર્યપાલક ઈજનેર પી. વી. ગામીતની, કડાણા તાલુકા માટે દિવડા કોલોની-કડાણાના ચણતર પેટા વિભાગ નં.૧ના કાર્યપાલક ઈજનેર એચ.ટી.ગામીતની, બાલાસિનોર તાલુકા માટે બાલાસિનોરના માર્ગ-મકાન (રાજય) પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર ડી. એમ. ભટ્ટની અને વિરપુર તાલુકા માટે બાલાસિનોરના માર્ગ-મકાન (પંચાયત) પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર એલ. એફ. ડીંડોરની નિમણૂંક કરવામાં આવી છે.

# સૂર્યનગર સોસાયટીમાં પાણીની લાઈન તૂટતા ખાડો પડી જતા પુરવા સ્થાનિકોની માંગ



ગોધરા શહેર ના ભૂરાવાવ વિસ્તારમાં તેમજ ગોધરા અમદાવાદ રોડ પર આવેલી સૂર્યનગર સોસાયટી,સિંદૂરી માતા ના મંદિર જવાના માર્ગ પર છેલ્લા કેટલાય દિવસ થી પાણી ની પાઈપ લાઈન તૂટી જતા અહીં અંદાજીત મસમોટો ૫ થી ૬ ફૂટ નો ખાડો પડી જવા પામ્યો છે.ત્યારે આ જ માર્ગ પર થી દિન રાત કેટલાય રાહદારીઓ અને નાના મોટા વાહનચાલકો પસાર થાય છે.ત્યારે જો કોઈ આ ખાડા માં પડી જવાની તેમજ કોઈ ને પણ શારીરિક ઈજાઓ પહોંચવાની ભીતિ પણ સ્થાનિકો ને સતાવી રહી છે.ત્યારે આ ખાડાનું પાણી અન્ય દૂષિત પાણી ની ગટર લાઈન સાથે ભળી જઈ જાહેર માર્ગ પર જઈ રહ્યું છે.તેમજ આ જ દૂષિત પાણી અહીંની સ્થાનિક સોસાયટીઓમાં પાણીની પાઈપ લાઈન દ્વારા પણ જઈ રહ્યું છે.ત્યારે આ મામલે સ્થાનિકો ની માંગ છે કે નગર પાલિકા દ્વારા ત્વરિત આ મસમોટા ખાડા ને પુરવામાં આવે અને પાણીની પાઈપ લાઈન ને રીપેર કરવામાં આવે.

# પંચમહાલ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ,ગોધરાના ચેરમેન અને વાઈસ ચેરમેનની વરણી કરાઈ



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, પંચમહાલ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. ગોધરા ની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં સંસ્થાના ચેરમેન તરીકે અરવિંદભાઈ એસ.પટેલ અને વાઈસ ચેરમેન તરીકે ચંદ્રસિંહ ડી.રાઉલજીની બિનહરીફ વરણી કરવામાં આવી છે. જેમાં ગત તા.૨૧/૧ ના રોજ ચૂંટણી અધિકારી અને નાયબ કલેકટર, ગોધરા પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં ઉમેદવારો એ ઉમેદવારી નોંધાવી હતી. ત્યારે અન્ય કોઈ ઉમેદવારિપત્ર ના આવતા બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. બંને વિજેતા ઉમેદવારો એ સંસ્થાના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહી સંસ્થાની ઉતરોઉતર પ્રગતિ માટે કટિબદ્ધ રહેવા જણાવ્યું છે. ત્યારે આ પ્રસંગે મંત્રી જયદ્રથસિંહ પરમાર,ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી, શહેરા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ, માજી સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગોધરાના ચેરમેન રાજેન્દ્રસિંહ ચૌહાણ સહિતનાઓ એ પંચમહાલ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન અને વાઈસ ચેરમેન ને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૨૫-૦૧-૨૦૨૧, સોમવાર, પોષ સુદ-૧૨, સૂર્યોદય-૭-૨૯, સૂર્યાસ્ત-૬-૨૮, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ મૃગશીર્ષ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૩૭થી અભિજીત-૧૩-૨૧, ૭-૩૦-ચલ-લાભ-અમૃત-૧૧-૩૬ સુધી, ૧૨-૫૯થી શુભ-૧૪-૨૧ સુધી, ૧૭-૦૫ થી ચલ-૧૮-૨૮ સુધી, ૨૧-૪૩થી લાભ-૨૩-૨૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૩૦થી ૧૦-૧૪ સુધી, ૧૧-૦૯થી ૧૨-૦૪ સુધી, ૧૩-૫૩ થી ૧૬-૩૮ સુધી, ૧૭-૩૩ થી ૧૮-૨૮ સુધી |

# દૈનિક રાશીફળ

**તા.૨૫.૦૧.૨૦૨૧ શુક્રવાર**

મેષ(અ,લ,ઈ): તમારી મહેનત અને પરિશ્રમથી કોઇ મહત્ત્વપૂર્ણ કાર્ય સંપન્ન થશે. કોઇ વિશ્વસનીય વ્યક્તિની સલાહ અને સહયોગથી તમારું આત્મબળ અને આત્મવિશ્વાસ વધશે.

વૃષભ(બ,વ,ઉ): છેલ્લાં થોડા સમયથી જે કાર્યોમાં વિઘ્નો આવી રહ્યા હતાં આજે તે ખૂબ જ સહજ અને સરળ રીતે ઉકેલાઇ જશે. નજીકના સંબંધીઓ સાથે મનોરંજનના પ્રોગ્રામ બનશે.

મિથુન(ક.છ.ઘ): કોઇ ધાર્મિક પ્રવૃત્તિના વ્યક્તિ સાથે મુલાકાત તમારી વિચારધારામાં પોઝિટિવિટી લાવશે. તમારી સંતુલિત દિનચર્યાના કારણે મોટાભાગના કામ સમયે પૂર્ણ થતા જશે.

કર્ક(ડ,હ): આજે મોટાભાગનું કામ તમારી ઈચ્છા પ્રમાણે પૂર્ણ થઇ જશે. છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલી પરેશાનીઓથી બોધપાઠ લઇને તમે તમારી કાર્યને લગતી યોજનામાં પરિવર્તન લાવશો.

સિંહ(મ,ટ): કોઇ ધાર્મિક સંસ્થા સાથે જોડાવવું તથા સહયોગ આપવો તમને આત્મિક સુખ આપશે. સમાજમાં પણ માન-પ્રતિષ્ઠા વધશે. યુવા વર્ગ પોતાની મહેનત પ્રમાણે યોગ્ય પરિણામ પ્રાપ્ત કરવામાં સફળ રહેશે.

કન્યા(પ,ઠ,ણ): તમારા કાર્યોને યોગ્ય રીતે પૂર્ણ કરવા માટે પહેલા તેના અંગે સંપૂર્ણ રૂપરેખા બનાવો. સફળતા નિશ્ચિત જ તમને મળશે.

તુલા(ર.ત.): આજે તમે ઘરને લગતા કાર્યો તથા ખરીદદારીમાં વધારે સમય પસાર કરવાની કોશિશ કરો. ઘરનો કોઇ વિવાદિત મામલો પણ વડીલોની મદદથી ઉકેલાઇ શકે છે.

વૃશ્ચિક(ન.ય.): આજે કોઇ નજીકના સંબંધીને ત્યાં ધાર્મિક સમારોહમાં જવાનો અવસર મળી શકે છે. ઘણાં સમય પછી લોકો સાથે હરવા-ફરવાનું વધારે થવાથી આનંદ મળી શકે છે.

ધન(ભ,ધ,ફ,ઢ): ઘરની વ્યવસ્થાને વધારે સારી બનાવવાને લગતી થોડી યોજના બનશે. કામનો ભાર હોવા છતાંય તમે તમારા રસના કાર્યો માટે પણ સમય કાઢી લેશો.

મકર(ખ.જ.): ઘરના કોઇ વડીલ વ્યક્તિ સાથે કોઇ મૂલ્યવાન ભેટ આશીર્વાદ તરીકે પ્રાપ્ત થશે. તેમના અનુભવોનું અનુસરણ કરવું તમારા વ્યક્તિત્વમાં પણ નિખાર લાવશે.

કુંભ(ગ,સ,શ,ષ): કોઇ વિવિધ કાર્યને પૂર્ણ કરવામાં તમારી મહેનત સફળ રહેશે. ભાગ્યની અપેક્ષાએ કર્મ ઉપર વિશ્વાસ રાખશો તો તમે સફળ રહેશો.

મીન(દ,ચ,ઝ,થ): આજે દિનચર્યાથી અલગ થોડા રસના કાર્યોમાં સમય પસાર કરો. કોઇ સમાજસેવી કે ધાર્મિક સંસ્થા સાથે વિશેષ કાર્યોમા તમારું યોગદાન પણ રહેશે.

# ધોરણ૧૨ની પરીક્ષામાં સૌ પ્રથમ પરિક્ષાર્થી બનશે દિવ્યાંગ દીકરી કલગી રાવલ



અમદાવાદ, સમગ્ર દેશમાં શરૂ થઈ રહેલી નેશનલ ઓપન સ્કૂલિંગની ધોરણ૧૨ની પરીક્ષામાં અમદાવાદની સૌ પહેલી દિવ્યાંગ દીકરી કલગી રાવલ પણ પરિક્ષાર્થી બનશે, કોરોનાના ૯ મહિના દરમિયાન સામાન્ય વિદ્યાર્થીઓ ઓનલાઈન ભણી રહ્યા હતા તયારે કલગીએ કોઈ પણ શિક્ષક કે શાળા વિના ઘેર બેસીને એનઆઈઓએસની અંગ્રેજી મીડીયમની પરીક્ષાની તૈયારી કરી હતી. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ કે સેન્ટ્રલ બોર્ડનીપરીક્ષા તો મે માં યોજાશે પણ ગુજરાત માં સૌથી પહેલા નેશનલ ઓપન સ્કૂલિંગની ધોરણ૧૨ની ઓક્ટોબરમાં મોકૂફ રહેલી પરીક્ષા ૨૭ જાન્યુઆરીથી યોજાઈ રહી છે, આ પરીક્ષા માટે અમદાવાદની દિવ્યાંગ કલગી રાવલે પણ ફોર્મ ભર્યું હતું અને કોરોનાના સમય દરમિયાન ઘેર બેસીને કોઈ પણ શિક્ષક કે શાળા સિવાય જાતે મોબાઈલના માધ્યમથી પરિક્ષા ની સંપૂર્ણ તૈયારી કરી હતી,

કલગી રાવલ એ અમદાવાદ ની પહેલી વિદ્યાર્થીની છે કે, જે ધોરણ ૧૦ પછી સીધી ધોરણ૧૨ ની પરીક્ષા આપશે, કલગી એ પહેલી વિદ્યાર્થીની છે કે જે કોરોના સમયમાં યોજાનારી ધોરણ૧૨ ની નેશનલ ઓપન સ્કૂલિંગની પરીક્ષામાં બેસશે. કલગી એ અગાઉ પણ ધોરણ ૫ સુધી સામાન્ય શાળામાં અભ્યાસ કર્યા બાદ ડાયરેકટ ધોરણ૧૦ ની પરીક્ષા ગુજરાત બોર્ડમાંથી આપી હતી, તે પછી સીધી જ ધોરણ૧૨ ની નેશનલ ઓપન સ્કૂલિંગમાંથી પરીક્ષા આપી રહી છે, એટલે કે ધોરણ૧૦ માં ગુજરાતના સામાન્ય વિદ્યાર્થીઓ સાથે કલગી રાવલે હરીફાઈ માં રહી ને ધોરણ૧૦ માં ૭૬ ટકા સાથે પાસ થઈ હતી,

હવે સીધી જ ધોરણ ૧૨ માં એનઆઈઓએસ માં દેશભરના વિદ્યાર્થીઓ સાથે હરીફાઈ માં પરીક્ષા આપશે. આખા ગુજરાતમાં ચાલતી વિવિધ અંધ શાળાઓમાં અંગ્રેજી માધ્યમ નો અભ્યાસ કરાવવામાં આવતો નથી તયારે કલગીએ પહેલા ધોરણ થી જ અંધશાળા ને બદલે સામાન્ય શાળામાં નોર્મલ વિદ્યાર્થીઓ સાથે અભ્યાસ કર્યો છે અને પોતાની અલગ ઓળખ ઉભી કરી રહી છે, કલગી ની શૈક્ષણિક કારકિર્દી માં તેણે કયારેય અંધ વ્યક્તિ માટેની બ્રઈલ લિપિમા અભ્યાસ કર્યો નથી પણ ટેકનોલોજીના માધ્યમથી મોબાઈલ ફોન અને લેપટોપના ઉપયોગની સાથે પરિવાર અને મિત્રોની મદદથી આગળ વધી રહી છે.

# દાહોદમાં ચાર જિલ્લાની પોલીસનું આગમન : ૭૦૦ ઉપરાંત પોલીસ જવાનો તૈનાત કરાયાં


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ શહેરમાં રાજ્ય કક્ષાનો ૭૨મો પ્રજાસત્તાક પર્વ નિમિત્તેની વહીવટી તંત્ર સમેત પોલીસ તંત્ર દ્વારા પુર જોશમાં કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. દાહોદ શહેરમાં હાલ ચાર થી વધુ જિલ્લાઓમાંથી પોલીસ બંદોબસ્ત રવાના કરવામાં આવ્યો છે. જેમાં દાહોદ, વડોદરા, મહીસાગર, પંચમહાલ વિગેરે જિલ્લાઓમાંથી પોલીસ જવાનોને દાહોદ ખાતે ફરજ બજાવવાની કામગીરી સોંપવામાં આવી છે. અંદાજે ૭૫૦ થી વધું પોલીસ જવાનો હાલ દાહોદ ખાતે રોકાણ કર્યુ હોવાનું જાણવા મળી રહ્યું છે.ગુજરાત રાજયકક્ષાની ૭૨માં પ્રજાસત્તાક દિનની ઉજવણીનો સુનેહરો અવરસ આ વખતે દાહોદ જિલ્લાના મુખ્ય મથક દાહોદ શહેરને મળ્યો છે. આ પ્રજાસત્તાક પર્વની ઉજવણીને ભાગરૂપે દાહોદ શહેરમાં આવેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ગ્રાઉન્ડમાં તડામાર તૈયારીઓ પણ ચાલી રહી છે અને હવે તૈયારીઓને આખરી ઓપ પણ અપાઈ ચુક્યો છે ત્યારે વાત કરીએ પોલીસ બંદોબસ્તની તો દાહોદ શહેરમાં હાલ દાહોદ, પંચમહાલ, મહીસાગર, વડોદરા જિલ્લામાંથી કુલ ૭૦૦ ઉપરાંત પોલીસ કર્મચારીઓ હાલ દાહોદ જિલ્લામાં રોકાણ કર્યું છે જેમાં પુરૂષો સાથે સાથે મહિલા પોલીસ કર્મચારીઓનો પણ સમાવેશ છે. આ ઉપરાંત ચેતક કમાન્ડ, મરીન પોલીસ, માઉન્ટેડ પોલીસ, ડોગ સ્કોર્ડ સહિત કુલ ૭૫૦ ઉપરાંત સુરક્ષા કર્મચારીઓએ હાલ દાહોદમાં રોકાણ કર્યુ છે.

# નગરપાલિકા-જીલ્લા અને તાલુકાની ચુંટણી જાહેર થતાં શહેરા તાલુકામાં ચુંટણી લડવા ઈચ્છતા ટીકીટ વાંચ્છુકોની દોડધામ શરૂ

શહેરા,
શહેરા નગરપાલિકા અને તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયતની ચૂંટણી જાહેર થતા ચૂંટણી લડવા ઈચ્છુકો દોડધામ કરી રહયા છે. ચુંટણીમાં ભાજપના કેટલાક જુના ચહેરોની ટીકીટ કપાય તેવી સંભાવના હોવા સાથે ચર્ચા નો દોર જામ્યો હતો.ગઈ કાલે રાજ્ય ચુંટણી આયોગ દ્વારા રાજયની ૬ મહાનગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૧ તાલુકા પંચાયત તેમજ નગર પાલિકા ની ચુંટણીની તારીખો જાહેર કરવામાં આવી છે, જેમાં શહેરા નગરપાલિકા , તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ની ચૂંટણી ને લઈને ભાજપ, કોંગ્રેસ સહિત અન્ય રાજકીય પક્ષો દ્વારા હાલ તૈયારી ઓ નો દોર શરૂ કરી દેવામાં આવ્યો છે. નગરપાલિકા, જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયત ની સીટ પરથી અગાઉ ચૂંટાયેલા સભ્યો અને કોર્પોરેટરો તેઓને ફરીથી રિપીટ કરવામાં આવશે તેવી આશા રાખી રહયા છે. પરંતુ આ વખતે ચર્ચાઈ રહ્યું છે કે કેટલાક ચહેરાઓની ટિકિટ કપાય તેવી સંભાવનાઓ જણાઈ રહી છે, સાથે સાથે એવુ પણ ચર્ચાઈ રહ્યું છે કે આ વખત ની ચૂંટણીમા કેટલાક નવા ચહેરાને ભાજપ દ્વારા ટીકીટ આપવામાં આવશે તેવી પણ સંભાવના જણાઈ રહી છે. ત્યારે હવે ભાજપ કેટલા જુના ચહેરા રિપીટ કરશે અને કેટલા નવા ચહેરાને ટીકીટ આપશે તેતો આવનાર દિવસો મા ખબર પડી જનાર છે.હાલ તો ચૂંટણી લડવાની ઈચ્છા ધરાવનાર પોતાને ટિકિટ મળે તે માટે અત્યારથી એડી ચોટીનું જોર લગાવી રહયા છે.

# પંચમહાલ જીલ્લામાં આજરોજ ૧ કોરોના કેસ નોંધાયો

ગોધરા,
પંચમહાલ જિલ્લામાં આજે કોવિડ-૧૯ સંક્રમણનો માત્ર ૧ કેસ મળી આવ્યો છે. છેલ્લા કેટલાક સમયથી કોરોનાના નવા કેસોની સંખ્યા સતત ઘટતી જાય છે. હાલમાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૩૩ થવા પામી છે. સંક્રમણના કુલ કેસની સંખ્યા ૩૯૧૯ થવા પામી છે. ૦૪ દર્દીઓને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા હાલની સ્થિતિએ જિલ્લામાં સક્રિય દર્દીઓની સંખ્યા ૩૩ થઈ છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. આ એકમાત્ર કેસ ગોધરામાંથી મળી આવ્યો છે. આ સાથે શહેરી વિસ્તારોમાં સંક્રમણના કુલ ૨૮૬૮ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૦૫૧ કેસ મળી આવ્યા છે. સારવાર બાદ સાજા થતા આજે કુલ ૦૪ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ સાથે હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૩૭૪૭ થવા પામી છે. જિલ્લામાં કોરોનાના સક્રિય કેસોની સંખ્યા ૩૩ થઈ છે, જેમની સારવાર ચાલી રહી છે.

- પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણના સક્રિય કેસોની સંખ્યામાં સતત ઘટાડો.
- કુલ સક્રિય કેસો ૩૩ થયા.
- આજે કોરોના સંક્રમણનો માત્ર ૦૧ કેસ નોંધાયો.
- ૦૪ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાઈ.
- કુલ કેસનો આંક ૩૯૧૯ થયો.
- કોરોનાને પછડાટ આપી ૩૭૪૭ દર્દીઓ સાજા થયા.

# પંચમહાલ જિલ્લામાં આવતીકાલે ૧૧મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી

ગોધરા,
પંચમહાલ જિલ્લામાં આવતીકાલે કલેક્ટર કચેરી ખાતે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રતાપસિંહ ચૌહાણ અને જિલ્લા કલેક્ટર અમિત અરોરાની પ્રેરક ઉપસ્થિતિમાં ૧૧મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવશે. કોરોના મહામારીને દ્યાનમાં રાખીને મર્યાદિત સંખ્યામાં ઉપસ્થિતી સાથે વિવિધ લોકો ડિજિટલ માધ્યમથી કાર્યક્રમમાં જોડાશે. આ અંતર્ગત મતદાર સાક્ષરતા ક્લબો, શૈક્ષણિક સંસ્થાઓ, ચુનાવ પાઠશાળાઓ, વોટર અવેરનેસ ફોરમ સહભાગી થશે. ભારતના ચૂંટણી પંચના સ્થાપના દિન ૨૫મી જાન્યુઆરીને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે જાહેર કરવામાં આવેલો છે. જે અન્વયે તા. ૨૫-૧-૨૧ ના રોજ સવારે ૧૦ કલાકે "રાષ્ટ્રીય મતદાતા દિવસ ૨૦૨૧"ની જિલ્લા કક્ષાની ઉજવણી અંગેના કાર્યક્રમનું આયોજન કલેક્ટર કચેરી, ગોધરા ખાતે રાખવામાં આવેલ છે. આ ઉપરાંત જિલ્લામાં પ્રાંત અને તાલુકા કક્ષાએ પણ ઉજવણી કરવામાં આવનાર છે. જિલ્લા કક્ષાની ઉજવણી કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ દ્વારા મતદાર પ્રતિજ્ઞા લેવામાં આવશે. આ તકે શ્રેષ્ઠ બી.એલ.ઓ., સુપરવાઈઝર, કેમ્પસ એમ્બેસેડરને પ્રમાણપત્ર આપવામાં આવશે. ભારતના ચૂંટણી પંચ દ્વારા તા. ૨૫-૧-૨૦૨૧ ના રોજ e-EPIC લોન્ચ કરવામાં આવનાર છે. જે મુજબ મતદાર વોટર હેલ્પલાઈન એપ, વોટર પોર્ટલ વેબસાઈટ, એન.વી.એસ.પી. વેબસાઈટનો ઉપયોગ કરીને e-EPIC ડાઉનલોડ કરી શકાશે. નવા મતદારો તા. ૨૫-૧-૨૦૨૧ થી તા. ૩૧-૧- ૨૦૨૧ દરમિયાન તેમજ તા. ૧-૨-૨૦૨૧ થી તમામ મતદારો e-EPIC ડાઉનલોડ કરી શકશે.


દુઃખદ અવસાન
બેસણું



સ્વ. ભૂપેન્દ્રસિંહ વેચાતભાઈ ખાંટ
(પૂર્વ ધારાસભ્યશ્રી મોરવા હડફ)
જ.તા.01/05/1979
સ્વ.તા.22/01/2021

સખેદ જણાવવાનું કે મારો પુત્ર
ખાંટ ભૂપેન્દ્રસિંહ વેચાતભાઈ નું
તા. 22/01/2021 ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. જે ઘણું ખોટુ થયેલ છે. પ્રભુને જે ગમ્યુ તે સાચું ભગવાન તેમના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

સદ્દગતનું બેસણું : તા. 25/01/2021 ને સોમવારના રોજ રાખેલ છે. સમય : સવારે 9 થી 2 કલાકે
સ્થળ : વિરણીયા, તા. મોરવા(હડફ)
મોરાથી વિરણીયા 3 કી.મી.

લી. વી.કે. ખાંટ (9825415272)
અજમેલભાઈ વી. ખાંટ - ગોવિંદભાઈ વી. ખાંટ
ગં.સ્વ. નયનાબેન બી. ખાંટ
ધર્મેન્દ્રસિંહ બી. ખાંટ (પુત્ર) - આકાશકુમાર બી. ખાંટ (પુત્ર)


# દામાવાવ પોલીસે વાવ કુંડલી ગામે દારૂ સાથે ૧ લાખનો મુદ્દામાલ ઝડપ્યો

દામાવાવ,
દામાવાવ પોલીસે નાકાબંધી દરમિયાન વાવકુંડલી ગામે થી વિદેશી દારૂ લઈ પસાર થતા ત્રણ મોટરસાયકલ સવારો (ખેપિયા) ને ઝડપી પાડી કુલ રૂ.૧ લાખ ઉપરાંત નો મુદ્દામાલ કબ્જે કરી એક ખેપિયાની ધરપકડ કરી હતી.તેમજ અન્ય બે શખ્સ નાસી જવામાં સફળ રહ્યા હતા જેઓ વિરૂદ્ધ વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# નવજીવન સાયન્સ કોલેજ અ ને એબીવીપીના સંયુક્ત ઉપક્રમે પરાક્રમ દિવસની ઉજવણી કરાઈ

દાહોદ,
નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ અને ABVP દાહોદના સંયુક્ત ઉપક્રમે સુભાષચંદ્ર બોઝની ૧૨૫ મી જન્મજયંતિને "પરાક્રમ દિવસ" તરીકે ઉજવવામાં આવી.દાહોદ તા.૨૩/૦૧/૨૧ના રોજ નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ ના એન.એસ.એસ. એકમ અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દાહોદ શાખાનાં સંયુક્ત ઉપક્રમે આજ રોજ સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતિને "પરાક્રમ દિવસ" તરીકે ભારત સરકારે ઉજવવાનો નિર્ણય કર્યો તે નિમિત્તે કાર્યકર્તાઓ દ્વારા પૂજનના કાર્યક્રમનું આયોજન નવજીવન સાયન્સ કોલેજના પરિસરમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નવજીવન સાયન્સ કોલેજના આચાર્ય ડો. એ ચ . અ ા ર . ડ ાભી, વનસ્પતિશાસ્ત્રના વિભાગ અધ્યક્ષ ડો.કે.જે.મહેતા, અન્ય સ્ટાફ સભ્યોઅનેમોટી સંખ્યામાં વિદ્યાર્થી કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# દાહોદ નગરાળા ગામ પાસેથી ફોર વ્હીલમાં લઈ જવાતો ૨.૧૦ લાખનો દારૂ એલસીબી એ ઝડપ્યો

દાહોદ,
દાહોદ તાલુકાના નગરાળા ગામ પાસેથી એલ.સી.બી પોલીસે ફોરવીલ ગાડીમાંથી બે લાખ ૧૦ હજાર વિદેશી દારૂનો મુદ્દામાલ તેમજ ત્રણ લાખની બોલેરો મળી પાંચ લાખ ૧૦ હજાર રૂપિયાના મુદ્દામાલ સાથે એક જણાને ઝડપી પાડવામા સફળતા પ્રાપ્ત થઈ છે જ્યારે ફોર વ્હીલ ગાડીનો ચાલક પોલીસને ચકમો આપી ફરાર થવામાં સફળ થયો હતો.
પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ તાલુકાના નગરાળા ગામ પાસે ગત. તા.૨૩.૦૧.૨૦૨૧ ના રોજ એલ.સી.બી પોલિસ પેટ્રોલિંગમા હતી. તે સમયે જીજે.૦૩.ડી.જી ૮૨૫૮ નંબરની મહિન્દ્રા બોલેરો ગાડીનો ચાલક પોલિસની ગાડીની લાઈટ જોઈ ગાડી સ્થળ પર મૂકીને ફરાર થઇ ગયો હતો. ત્યારબાદ પોલિસે ગાડીની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂ તેમજ બિયરની ૩૬ પેટીઓમા ૧૬૧૦ બોટલો મળી ૨ લાખ ૧૦ હજારનો વિદેશી દારૂ મળી આવતા પોલિસે વિદેશી દારૂ તેમજ ૩ લાખ રૂપિયા કિંમતની બોલેરો ગાડી મળી ૫ લાખ ૧૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર થયેલા ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે



સ્થાનિક સ્વરાજયની ચૂંટણી જાહેર થતા શહેરામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી કરવા માંગતા કેટલાક ટીકીટ વાચ્છુકોનો ધારાસભ્ય કાર્યાલય ખાતે ઘસારો જોવા મળ્યો હતો,અને ટીકીટ મેળવવાની આશાએ કેટલાક ટીકીટ વાચ્છુકો ધારાસભ્ય પાસે દોડધામ કરતા હોય તેમ લાગી રહ્યું છે.

# દાહોદ મહાજન સંપર્ક અભિયાન અંતર્ગત મીટીંગ યોજાઈ

દાહોદ,
"મહા જનસંપાર્ક અભિયાન" અંતર્ગત વોર્ડ ન. ૨ માં આદિવાસી સમાજ ઘરમાં મીટીંગનું આયોજન દાહોદ શહેર યુવા કોંગ્રેસ પ્રમુખ નિતેશ યાદવ દ્વારા કરવામાં આવ્યું. આ સભા માં દાહોદ વિધાનસભા માનનીય ધારાસભ્ય વજેસિંહ પણદા, માજી તાલુકા પંચાયત પ્રમુખ નિકુંજભાઈ મેડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મંત્રી વનરાજ ભાઈ ડામોર થતા અન્ય મહાનુભાવો અને મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તાઓ અને વોર્ડ નં ૨ ની જનતા ઉપસ્થિત રહી.

# ગરબાડા પાટા ડુંગરી ગામે બાઈકની અડફેટે યુવકનું મોત

ગરબાડા,
ગરબાડા તાલુકાના પાટા ડુંગરી ગામે મોટર સાઈકલની અડફેટે એક ૨૦ વર્ષીય આશાસ્પદ યુવકનું મોત નિપજ્યાનું જાણવા મળેલ છે.
પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના અભલોડ ગામના ઉમરીયા ફળીયાનો રહેવાસી ૨૦ વર્ષીય રોશન કુમાર મંગળસિંહ બારીયા નામક યુવક ગત તા.૨૨.૦૧.૨૦૨૦ ના રોજ પાટા ડુંગરી ગામે હાઈવે પરથી પસાર થઇ રહ્યો હતો. તે સમયે સામેથી જીજે.૨૦.એએલ.૩૩૧૬ ના ચાલકે રોશનકુમાર ને અડફેટે લેતા રોશનના શરીરે જીવલેણ ઈજા પહોંચતા તેનું મોત થયું હતું. આ બનાવ સંદર્ભે ગરબાડા પોલીસે મોટરસાયકલ ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ગોધરા-દાહોદ હાઈવે લાડપુર ગામે એસ.ટી.બસના ચાલકે એકટીવા સવારને અડફેટે લેતા મોત

ગોધરા,
ગોધરા -દાહોદ હાઈવે પર આવેલા લાડપુર ગામે એક એસ.ટી.બસ ના ચાલક દ્વારા એક્ટિવા સવાર વ્યક્તિ ને અડફેટે લેતા એક્ટિવા સવાર વ્યકિત ને ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી ગુન્હો કર્યો હતો.ત્યારે ગોધરા તાલુકા પોલીસે આ મામલે એસ.ટી.બસ ના ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.
ગોધરા દાહોદ હાઈવે પર આવેલા લાડપુર બસ સ્ટેન્ડ પાસે સરકારી બસ જી.જે.૧૮.ઝેડ.૪૦૧૨ ના ચાલક દ્વારા પોતાની એસ.ટી બસ ગફલતભરી અને બેફિકરાઈ થી હંકારી ત્યાંથી પસાર થતા એકટીવા સવાર કાળુભાઈ બીજલભાઈ પરમાર ને અડફેટે લેતા તેઓને ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને તેઓને સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા.જ્યાં તેઓનું સારવાર દરમિયાન મોત નિપજવા પામ્યું છે.ત્યારે એસ.ટી.બસ ના ચાલકે અકસ્માત સર્જી નાસી જઈ ગુન્હો કરતા ગોધરા તાલુકા પોલીસે એસ.ટી.બસ ના ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# શહેરા-લુણાવાડા હાઈવે રોડ ઉપર ધુમ્મસ જોવા મળ્યું


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા લુણાવાડા મુખ્ય હાઈવે માર્ગ ઉપર તેમજ ગ્રામ્ય વિસ્તારોના રસ્તો ઉપર વહેલી સવારથી ગાઢ ધુમ્મસ છવાયેલુ જોવા મળ્યુ હતું.
ધુમ્મસ ભર્યા વાતાવરણના કારણે હાઈવે માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને પોતાના વાહનોની હેડલાઇટો ચાલુ રાખવાની ફરજ પડી હતી. પંચમહાલ જિલ્લા સહિત શહેરામાં વહેલી સવારથી ગાઢ ધુમ્મસ છવાયેલું જોવા મળ્યું હતું. ગાઢ ધુમ્મસ ભર્યા વાતાવરણના કારણે લુણાવાડા ગોધરા હાઈવે માર્ગ તેમજ ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ પરથી પસાર થતા વાહનચાલકો ને ભારે હાલાકી વેઠવી પડી હતી. સવાર સમયે ધુમ્મસ વધુ હોવાથી વાહનોની અવર જવર પર થોડી ગણી બ્રેક લાગી હતી. જ્યારે માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો ને ધુમ્મસ હોવાથી હેડલાઈટો ચાલુ રાખવાની ફરજ પડી હતી. કેટલાક વાહનચાલકોએ વાતાવરણ ને જોતા પોતાના વાહનોને હોટલ કેખુલી જગ્યામાં ઊભા કરવાની ફરજ પણ પડી હતી. તાલુકા વાસીઓ એ ઠંડી નું પ્રમાણ વધતાં ગરમ વસ્ત્રો પહેરીને બહાર નીકળતા નજરે પડવા સાથે વધુ ઠંડીનો અહેસાસ કર્યો હતો. ધુમ્મસ ભર્યા વાતાવરણ ના કારણે ઘઉં સહિતના પાકને ફાયદો થાય તેવી સંભાવના રહેલી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 130

**પંચમહાલ આવૃત્તિ**
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

**પંચમહાલ સમાચાર**

# હવે એક દિવસમાં જ રૂ.૧૦મા મળશે રાજ્યના નાગરિકોને જન્મ-મરણના પ્રમાણપત્રોની નકલ

**અરજદારે ઈ-ગ્રામ કેન્દ્રના વીસીઈનો સંપર્ક કરીને વિગતો આપવી પડશે**
**રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ ગ્રામ યોજના હેઠળ અમલમાં છે**

ગાંધીનગર,
રાજ્યમાં ઈ-ગ્રામ કેન્દ્રો મારફતે મળતી વિવિધ સેવાઓ અને પ્રમાણપત્રો નાગરિકોને હવેથી એક જ દિવસમાં મળી રહેશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની સેવાઓ મેળવવા માટે ગ્રામ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે, જેમાં દસ રૂપિયાના દરથી નાગરિકોને જન્મ મરણના પ્રમાણપત્રોની નકલ અરજદારને એક જ દિવસમાં મળી રહેશે. રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ઠરાવ કરવામાં આવ્યો છે કે, રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ ગ્રામ યોજના હેઠળ અમલમાં છે. ઇન્ફર્મેશન ટેક્નોલોજીના માધ્યમથી શરૂ કરવી લોક ઉપયોગી સેવાઓ ગામડે ગામડે ગ્રામ યોજના મારફત મળી રહી છે. ગત વર્ષ ૨૦૦૭-૦૮થી અમલમાં આ સેવાઓ છે પરંતુ રાજ્યમાં વહીવટી પારદર્શકતા વધે અને વ્યક્તિલક્ષી સેવાઓના ઉકેલ ઝડપથી થાય તે હેતુથી રાજ્ય સરકારે ડિજિટલ સેવા સેતુ પણ અમલમાં મૂક્યો છે.બીજીતરફ નાગરિકોને જન્મ-મરણના પ્રમાણપત્રોની નકલ ઈ-ગ્રામ કેન્દ્રો ઉપરથી તાત્કાલિક મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા એવું નક્કી કરવામાં આવી છે કે આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની સેવાઓ ઈ-ગ્રામ કેન્દ્રો ઉપરથી એક જ દિવસમાં આપવાની રહેશે સરકારના આદેશ બાદ હવે જન્મ અને મરણના પ્રમાણપત્રની સેવાઓ અરજદારને તાત્કાલિક જ દિવસમાં મળી રહેશે. આ માટે અરજદારે ઈ-ગ્રામ કેન્દ્રના વીસીઈનો સંપર્ક કરીને વિગતો આપવી પડશે અને ત્યારબાદ વીસીઈ જીસીઆર સીસ્ટમથી અરજદારે માંગેલી નોંધણી ખાતરી કરશે અને ત્યારબાદ પ્રમાણપત્રની નકલ અરજદારને તાત્કાલિક આપશે.

# પંચમહાલ જિલ્લામાં ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાની અધ્યક્ષતામાં ૭૨ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાશે


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

પંચમહાલ જિલ્લામાં આગામી ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૧ના ૭૨ માં પ્રજાસત્તાક દિનનો ઉજવણી કાર્યક્રમ ગોધરાના પોલિસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાની અધ્યક્ષતામાં યોજાશે. કોરોના સંક્રમણની સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારની માર્ગદર્શિકા અનુસાર ૪૦૦ ઉપસ્થિતજનોની મર્યાદામાં ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૦૯.૦૦ કલાકે ગૃહરાજ્યમંત્રીના વરદહસ્તે ધ્વજવંદન અને સલામી યોજાશે. ત્યારબાદ મંત્રી દ્વારા પરેડ નિરીક્ષણ અને ઉદબોધન કરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લાના વિશિષ્ટ કામગીરી કરનાર વ્યકિતઓ –કર્મચારીઓ – અધિકારીઓને મંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર દ્વારા સન્માન પણ કરવામાં આવશે. કાર્યક્રમની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે ગોધરા પોલિસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આજે રિહર્સલ યોજાયું હતું. જિલ્લા કલેકટર અમિત અરોરા અને જિલ્લાના પોલિસ વડા ડો. લીના પાટિલે પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી જરૂરી ફેરફારો અંગે સૂચના– માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા કલેક્ટરએ પરેડ નિરીક્ષણ કરી કાર્યક્રમ સુચારૂરૂપે યોજાય તે માટે કોરોના સંક્રમણ માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને બેઠક વ્યવસ્થા, પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ, પરેડ, વૃક્ષારોપણ, પાર્કિંગ સહિતની વ્યવસ્થાઓ વિશે વિગતવાર માહિતી મેળવી માર્ગદર્શન આપ્યું હતું. પ્રજાસત્તાક દિનને ધ્યાનમાં રાખીને જિલ્લાની સરકારી કચેરીઓને રોશની કરી શણગારવામાં આવી રહી છે.

# શહેરા ખાતે રામ જન્મ ભૂમિ નિર્માણ માટે સમર્પણનિધી અંતર્ગત ઉદાર હાથે ફાળો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા લખારા સોસાયટી ખાતે રામજન્મભૂમિ નિર્માણ માટે સંમપર્ણ નિધિ અભિયાન અંતર્ગત કાર્યાલયનો શુભારંભ થયો છેરામ મંદિરના નિર્માણ માટે નગરના વેપારીઓ, અગ્રણીવર્ગ તેમજ રામ ભક્તો દ્વારા ઉદાર હાથે ફાળો આપવામાં આવી રહય છે.ઉત્તર પ્રદેશમા આવેલા અયોધ્યા ખાતે ભવ્યથી ભવ્ય રામમંદિર નિર્માણ થવા જઈ રહયુ છે. ત્યારે શહેરા લખારા સોસાયટી ખાતે રામજન્મભૂમિ નિર્માણ માટે સંમપર્ણ નિધિ અભિયાન અંતર્ગત કાર્યાલયનો શુભારંભ થયો છે. રામ મંદિરના નિર્માણ માટે વેપારીઓ, અગ્રણીવર્ગ તેમજ રામ ભક્તો દ્વારા ઉદાર હાથે ફાળો આપવામાં આવી રહયો છે.હવે રાજકીય અગ્રણીઓ પણ હવે આગળ આવ્યા છે. વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય અને પંચામૃત ડેરીના ચેરમેન જેઠાભાઈ ભરવાડ દ્વારા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જિલ્લા કાર્યવાહક હિરેનભાઈ પંડ્યાની પ્રેરક ઉપસ્થિતિમાં " રામ મંદિર તીર્થ નિર્માણ ક્ષેત્ર" માં ભગવાન રામના ભવ્ય મંદિર નિર્માણ અર્થે રૂ. ૫,૦૦,૦૦૦/– રૂપિયા ફાળો આપ્યો હતો.

# કોરોનાની મહામારીમાં રેલ્વે સેવા બંધ રહેતા રેલ્વે સ્ટેશન સ્ટોલ ધારકોની સ્થિતી દયનિય



ગોધરા,
કોરોના મહામારી કારણે અને છેલ્લા ૧૦ માસ થી રેલવે સેવા બંધ રહેતા ગોધરા રેલવે સ્ટેશન ખાતે ખાનગી સ્ટોલધારકોની હાલત દયનિય થવા પામી છે.કોરોના મહામારી ના કારણે છેલ્લા ૧૦ માસ કરતા વધુ સમય થી સમગ્ર દેશ માં લોકોની સુરક્ષા ને ધ્યાનમાં રાખી રેલ મંત્રાલય ભારત સરકાર દ્વારા રેલ સેવાઓ બંધ રાખવામાં આવી છે. ત્યારે રેલવે મથકો પર ચા, નાસતા તેમજ અન્ય ચીજ વસ્તુ ઓનું છૂટક વેચાણ કરતા ખાનગી સ્ટોલધારકો તેમજ છૂટક ફેરી કરતા ધંધાર્થીઓની હાલત કફોડી થવા પામી છે.જેઓને આ સમય માં પણ રેલવે વિભાગ ને માસિક કે વાર્ષિક ભાડું તેમજ લાઈટબીલ,પાણી બિલ ચૂકવવું પડતું હોય છે.ત્યારે તેઓની પરિસ્થિતિ દયાજનક હોવાનું સ્ટોલધારકો જણાવી રહ્યા છે.તેમજ રેલ વ્યવહાર પુનઃ ધબકતો થાય તે આશામાં આજ રોજ પણ તેઓ રેલવે મથક ખાતે સ્ટોલ ખુલ્લા રાખી રહ્યા છે. ત્યારે રેલવેના ડી.આર. એમ,સિનિયર ડી.સી.એમ તેમજ પંચમહાલ સાંસદ, ગોધરા ધારાસભ્ય સહિત ના અગ્રણીઓ આજ રોજ ગોધરા રેલવે મથક ખાતે સ્મારક દવજ ના ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.ત્યારે આ મામલે ઉપસ્થિત અધિકારીઓ તેમજ આગેવાનો એ સ્ટોલધારકો ના પ્રશ્નો ની ગંભીરતા લેવી જોઈએ અને સ્ટોલધારકો ને શક્ય થાય તેટલી(સ્ટોલભાડા)માં રાહત આપવામાં આવે તેવી લાગણી સ્ટોલધારકો જણાવી રહ્યા છે.

# ગોધરા ગદુકપુર ખાતે શ્રી કમલમ્નો શુભારંભ મુખ્યમંત્રી હસ્તે આજે કરાશે

ગોધરા,
ગોધરા (ગદૂકપુર) ખાતે આજ રોજ(સોમવાર,૨૫/૧/૨૦૨૧) પંચમહાલ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના નૂતન જિલ્લા કાર્યાલય શ્રી કમલમ ના શુભારંભ તેમજ સરપંચ સંવાદ કાર્યક્રમ માં રાજ્યના મુખ્યમંત્રી સહિત અન્ય આગેવાનો ઉપસ્થિત રહેશે.ગોધરા(ગદુકપુર) ખાતે પંચમહાલ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના નૂતન જિલ્લા કાર્યાલય શ્રી કમલમ ના શુભારંભ તથા સરપંચ સંવાદ કાર્યક્રમ સોમવાર તા.૨૫/૧/૨૦૨૧ ના રોજ યોજાઈ રહ્યો છે.જેમાં ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી,ગુજરાત પ્રદેશ ભાજપના સહ પ્રભારી સુધીર ગુપ્તા, રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ભાજપ ના સંગઠન મહા મંત્રી ભીખુભાઇ દલસાણીયા તેમજ પાર્ટીના ભાર્ગવભાઈ ભટ્ટ, પ્રદીપસિંહ જાડેજા,જયદ્રથસિંહ પરમાર તેમજ પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ, છોટાઉદેપુર સાંસદ ગીતાબેન રાઠવા,પૂર્વ પ્રદેશ મહામંત્રી શબ્દ શરણ બ્રહ્મભટ્ટ, ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી,શહેરા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ અને કાલોલ ધારાસભ્ય સુમનબેન ચૌહાણ તેમજ પંચમહાલ જિલ્લા ભારતીય જનતા પાર્ટી ના કાર્યકરો અને હોદેદારો ઉપસ્થિત રહેશે.

"હાર્દિક સ્વાગત"





શ્રીમતી કેતુબેન દેસાઈ
પુર્વ જીલ્લા પંચાયત પ્રમુખ, પંચમહાલ

શ્રી મયંક દેસાઈ
(લાલાભાઈ)

પંચમહાલ જીલ્લા ભારતીય જનતા પાર્ટીના નૂતન જીલ્લા કાર્યાલય " શ્રી કમલમ્ "ના શુભારંભ પ્રસંગે તેમજ "સરપંચ સંવાદ" કાર્યક્રમમાં પધારતા રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા શ્રી સી.આર.પાટીલજીનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.

સ્થળ :– " શ્રી કમલમ્ " પંચમહાલ જીલ્લો, ગદુકપુર, ગોધરા.

"હાર્દિક સ્વાગત"



પંચમહાલ જીલ્લા ભારતીય જનતા પાર્ટીના નૂતન જીલ્લા કાર્યાલય " શ્રી કમલમ્ "ના શુભારંભ પ્રસંગે તેમજ "સરપંચ સંવાદ" કાર્યક્રમમાં પધારતા રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા શ્રી સી.આર.પાટીલજીનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.

સુમનબેન પ્રવિણસિંહ ચૌહાણ
(ધારાસભ્ય) તા. કાલોલ.

–: સ્થળ :–
" શ્રી કમલમ્ " પંચમહાલ જીલ્લો, ગદુકપુર, ગોધરા.

"હાર્દિક સ્વાગત"



પંચમહાલ જીલ્લા ભારતીય જનતા પાર્ટીના નૂતન જીલ્લા કાર્યાલય " શ્રી કમલમ્ "ના શુભારંભ પ્રસંગે તેમજ "સરપંચ સંવાદ" કાર્યક્રમમાં પધારતા રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા શ્રી સી.આર.પાટીલજીનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.

શ્રીમતી નિમિષાબેન એમ. સુથાર
તા. મોરવા(હ).

–: સ્થળ :–
" શ્રી કમલમ્ " પંચમહાલ જીલ્લો, ગદુકપુર, ગોધરા.

"હાર્દિક સ્વાગત"



પંચમહાલ જીલ્લા ભારતીય જનતા પાર્ટીના નૂતન જીલ્લા કાર્યાલય " શ્રી કમલમ્ "ના શુભારંભ પ્રસંગે તેમજ "સરપંચ સંવાદ" કાર્યક્રમમાં પધારતા રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા શ્રી સી.આર.પાટીલજીનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.

ગૌરીબેન જોષી
મુ. ગોધરા, જી. પંચમહાલ.

–: સ્થળ :–
" શ્રી કમલમ્ " પંચમહાલ જીલ્લો, ગદુકપુર, ગોધરા.

"હાર્દિક સ્વાગત"



પંચમહાલ જીલ્લા ભારતીય જનતા પાર્ટીના નૂતન જીલ્લા કાર્યાલય " શ્રી કમલમ્ "ના શુભારંભ પ્રસંગે તેમજ "સરપંચ સંવાદ" કાર્યક્રમમાં પધારતા રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા શ્રી સી.આર.પાટીલજીનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.

પ્રવિણસિંહ ઉદેસિંહ પરમાર
(તાલુકા મંડળ પ્રમુખ,હાલોલ.)

–: સ્થળ :–
" શ્રી કમલમ્ " પંચમહાલ જીલ્લો, ગદુકપુર, ગોધરા.

"હાર્દિક સ્વાગત"



પંચમહાલ જીલ્લા ભારતીય જનતા પાર્ટીના નૂતન જીલ્લા કાર્યાલય " શ્રી કમલમ્ "ના શુભારંભ પ્રસંગે તેમજ "સરપંચ સંવાદ" કાર્યક્રમમાં પધારતા રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા શ્રી સી.આર.પાટીલજીનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.

સી.કે.રાઉલજી
(ધારાસભ્ય, ગોધરા)

–: સ્થળ :–
" શ્રી કમલમ્ " પંચમહાલ જીલ્લો, ગદુકપુર, ગોધરા.

"હાર્દિક સ્વાગત"



પંચમહાલ જીલ્લા ભારતીય જનતા પાર્ટીના નૂતન જીલ્લા કાર્યાલય " શ્રી કમલમ્ "ના શુભારંભ પ્રસંગે તેમજ "સરપંચ સંવાદ" કાર્યક્રમમાં પધારતા રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા શ્રી સી.આર.પાટીલજીનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.

રતનસિંહ રાઠોડ
(સાંસદ) જી.પંચમહાલ

–: સ્થળ :–
" શ્રી કમલમ્ " પંચમહાલ જીલ્લો, ગદુકપુર, ગોધરા.